**DATE: 16/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–05**

### પોલીસે નાગરિકોને નિયમોનું પાલન કરવાની અપીલ કરી

# વાગરામાં ટ્રાફિક જાગૃતિ માટે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી થઈ

## ચાલકની સમય સુચકતા મોટો અકસ્માત થતો રોકી શકે છે : પોલીસ

। વાગરા ।

ભરૂચ જિલ્લા પોલીસ અને સુરક્ષા સોસાયટી ભરૂચના સયુંકત ઉપક્રમે જિલ્લાભરમાં ૩૩માં રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ ૨૦૨૩ની ઉજવણી હાથ ધરી છે. જેના ભાગરૂપે વાગરા પોલીસે ટ્રાફિક જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો.

વાગરા નગર સહિત વિવિધ માર્ગ ઉપર પોલીસે આવતા જતા રાહદારીઓ અને વાહન ચાલકોને પેમ્પ્લેટ અને ગુલાબનું ફૂલ આપી ટ્રાફિક નિયમનની સમજણ આપી હતી. સાથેજ ઠેક ઠેકાણે ટ્રાફિક નિયમનના હોર્ડિંગ્સ પોસ્ટર્સ પણ લગાવ્યા હતા. પોલીસ સબ ઇન્સપેક્ટર આર.એલ ખટાણાએ જણાવ્યુ હતુ કે ચાલકની સમય સુચકતા મોટો અકસ્માત થતો અટકાવી શકે છે. વાહન કઇ રીતે હંકારવુ,નિયમોનું પાલન શા માટે કરવુ એ બાબતે તેમણે વિશેષ સમજ વાહન ચાલકોને આપી હતી.જો વાહન ચાલકો ટ્રાફિક નિયમન મુજબવાહન ચલાવે તો મોટાભાગના અકસ્માતોને નિવારી શકાય એમ છે.૩૩માં રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી દરમિયાન વાગરા પોલીસ મથકના ટ્રાફિક હેડ કોન્સ્ટેબલ કૃષ્ણ કુમાર યાદવ સહિત પોલીસ સ્ટાફ તેમજ ટી.આર.બીના જવાનો જોડાયા હતા.



વાગરા પોલીસે ગુલાબ આપીને ટ્રાફિક જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો

**DATE: 16/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### દારૂની હેરાફેરી કરતાં પોલીસે પકડી પાડયાં

# અંકલેશ્વર શહેરમાં મહિલા બૂટલેગર સહિત બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં ઉત્તરાયણના તહેવારમાં દારૂની ખેપ મારી રહેલી મહીલા તથા યુવાનને પોલીસે ઝડપી પાડયાં હતાં. કોસમડી ગામ પાસેથી મોપેડ પર દારૂ અને બિયર લઈને પસાર થતી મહિલા બુટલેગર તેમજ જીઆઇડીસી બસ ડેપો નજીકથી એક યુવાનને ઝડપી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ દ્વારાચોક્કસ માહિતી આધારે કોસમડી ગામ ખાતેથી એક્ટિવા પર દારૂની લઇ પસાર થતી પૂનમ વસાવાને ઝડપી પાડી હતી પોલીસે દારૂ અને બિયર મળી 800 રૂપિયા દારૂ તેમજ 20 હજાર રૂપિયાની એકટીવાજપ્ત કરી બુટલેગર મહિલાની અટકાયત કરી હતી. બીજી તરફ

જીઆઇડીસી બસ ડેપો પાસે દારૂ લઇ ખેપિયો પસાર થવાનો હોવાની ચોક્કસ માહિતી આધારે વોચ ગોઠવી હતી ત્યારે શંકાસ્પદ હિલચાલ કરેતા સુરત જિલ્લામાં ક્રીમ ના 20 વર્ષીય પાર્થ સિંગલ ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી દારૂની 2 બોટલ અને બિયર મળી 26 બોટલઝડપી પાડી હતી પોલીસે કુલ 2,600 રૂપિયા નો દારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો. તેની વધુ પુછપરછ આરંભી હતી. પોલીસની કાર્યવાહીના પગલે બુટલેગરોમાં ફફડાટ જોવા મળી રહયો છે. ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને પોલીસે બુટલેગરો સામે તવાઇ બોલાવી દીધી છે. બંને બુટલેગરો સામે તપાસ હાથ ધરાઇ છે.

**DATE: 18/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

પાલેજથી ધામરોડ વચ્ચે 53 કિમીના હાઇવે પર 26 ટ્રક ચાલકો દંડાયા : પહેલી લેન કાર, એમ્બ્યુલન્સ માટે ખુલ્લી રખાશે

# હાઇવે પર અકસ્માતો રોકવા ભરૂચ પોલીસનો એક્શન પ્લાન, પહેલી લેનમાં ભારદારી વાહનો ચલાવવા પર દંડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાની હદમાંથી પસાર થતાં 53 કિમીના હાઈવે પર પહેલી લેનમાં બસ કે અન્ય ભારદારી વાહનો ચલાવવા પર પ્રતિબંધ ફરમાવી દેવાયો છે. જિલ્લા ટ્રાફિક વિભાગે ખાસ ઝુંબેશના પ્રથમ દિવસે જ 26 ટ્રક ચાલકોને પહેલી લેનમાં ડ્રાયવિંગ કરતાં ઝડપી પાડી દંડ ફટકાર્યો છે.

ભરૂચ જિલ્લાની હદમાંથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર 48 પર રોજના 70 હજાર કરતાં વધારે વાહનો પસાર થાય છે. ભરૂચ અને વડોદરા વચ્ચેનો હાઈવે થ્રી લેન છે પણ પ્રથમ લેનમાં બસ, ટ્રક, હાઈવા, ટ્રેલર સહિતના વાહનો ચાલતાં હોવાથી અકસ્માતના બનાવો વધી ગયાં છે. પ્રથમ લેન પરથી સામાન્યત : કાર, એમ્બ્યુલન્સ સહિતના લાઈટ મોટર વ્હીકલ પસાર થતાં હોય છે પણ આ લેનમાં ભારદારી વાહનો આવી જતાં અકસ્માતના બનાવો વધી ગયાં છે.

ભરૂચ જિલ્લાની હદમાં પાલેજથી ધામરોડ સુધીનો 53 કિમીનો હાઈવે પસાર થાય છે અને આ હાઈવે પર પ્રથમ લેનમાં ભારદારી વાહનો ચલાવવા પર પ્રતિબંધ ફરમાવી દેવાયો છે. ભરૂચ એસપી લીના પાટીલની સીધી સૂચનાથી જિલ્લા ટ્રાફિક વિભાગની ટીમે ખાસ ઝુંબેશ શરૂ કરી પ્રથમ દિવસે જ 26 જેટલા ટ્રકચાલકોને પહેલી લેનમાં ડ્રાયવિંગ કરતાં ઝડપી પાડી તેમની પાસેથી એક હજાર રૂપિયા લેખે દંડની વસુલાત કરી છે.

## ભરૂચ અને વડોદરા વચ્ચેના થ્રી લેન હાઇવે પર રોજના સરેરાશ 5 અકસ્માતના બનાવો



53 કિમી ધામરોડથી પાલેજ વચ્ચેનું અંતર
03 લેનનો નેશનલ હાઈવે
70,000 થી વધારે વાહનોની અવરજવર
26 ટ્રક ચાલકો સામે કાર્યવાહી

### અકસ્માતો થવાનું કારણ શું ?

ટ્રાવેલ્સની લકઝરી બસોને બાદ કરતાં ટ્રક, ટ્રેલર અને એસટી બસો ઓછી સ્પીડમાં દોડતી હોય છે જ્યારે કાર અને અન્ય લાઈટ મોટર વ્હીકલ 100 કરતાં વધુની સ્પીડમાં જતાં હોય છે. પહેલી લેનમાં ધીમી ગતિએ દોડતા વાહનો આવી જતાં હોવાથી કાર સહીતના વાહનો ભારે વાહનોની પાછળના ભાગે ધડાકાભેર અથડાતાં હોય છે. બે દિવસ પહેલાં વરણામા પાસે ટ્રેલરની પાછળ કાર ઘુસી જતાં બાળકી સહિત 3 લોકોના મોત થયાં છે.

### 5 વાહનો પેટ્રોલિંગમાં રહેશે

*ભરૂચમાં હાઈવે પર પ્રથમ લેનમાં આવી જતાં ભારે વાહનોને રોકવા માટે રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરાય રહયું છે. આવા વાહનોને ઝડપી પાડવા એક ઇન્ટરસેપ્ટર વાન સહિત 5 વાહનોની ફાળવણી કરવામાં આવી છે. આ ઝુંબેશ કાયમ માટે ચાલુ રહે તેવું આયોજન છે.* » એસ.કે.ગામિત, પીઆઈ

**DATE: 18/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### દારૂનો જથ્થો મંગાવનારા નવીનગરીના બૂટલેગરને વોન્ટેડ જાહેર કરાયો

# રાજસ્થાનથી મંગાવેલા રૂા. 1.05 લાખના દારૂ સાથે બે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાલેજ પાસે આવેલી સમા હોટલ પાસે ઉભેલી એક કારને પોલીસે ચેક કરતાં તેમાં બેસેલાં બે શખ્સોને રાજસ્થાનથી મંગાવેલાં 1.05 લાખના વિદેશીદારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતાં. ટીમે તેમની પાસેથી કુલ 1.91 લાખનો મુદ્દામાલ જપ્ત કરી તેમની સાથે ગુનો નોંધી પાલેજના એક બુટલેગરને વોન્ટેડ જાહેર કર્યો હતો.

પાલેજ પોલીસ મથકના સબ ઈન્સ્પેક્ટર આર. એસ. ચાવડા તેમની ઓફિસમાં હતાં. તે વેળાં તેમને બાતમી મળી હતી કે, સમા હોટલ પાસે ખુલ્લી જગ્યામાં ભરૂચ રહેતો યાસીન મેમણ તેના રાજસ્થાનથી તેના મિત્ર મારફતે દારૂ મંગાવ્યો છે. જેના પગલે તેમણે ટીમ સાથે સ્થળ પર પહોંચતાં એક કાર ઉભેલી હોઈ તેમાં તપાસ કરતાં ડ્રાઈવિંગ સીટ પર બેસેલો મોહમદ યાસીન દાઉદ મેમણ (રહે. ખુરશીદ પાર્ક, શેરપુરા) તેમજ તેમની બાજુની સીટ પર બેસેલાં શખ્સનું નામ તેજસિંહ નાથુસિંહ ટનકા (રહે. રાજસ્થાન) હોવાનું માલુમ પડ્યું હતું. તેમજ તેની કારમાં કુલ 1.05 લાખનો વિદેશીદારૂનો જથ્થો ભરેલો મળી આવ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં તેજસિંહ પાસે રાજસ્થાનથી દારૂ મંગાવ્યાં બાદ મોહમદ યાસીન પાલેજના નવીનગરી ખાતે રહેતાં મનોજ સોમા ઠાકોરને આપવા જવાના હોવાનું કબુલ્યું હતું. તેમજ કેટલોક દારૂનો જથ્થો ઝાડીઓમાં સંતાડ્યો હોવાનું તેમજ તે ભરૂચની આસપાસના ગામમાં દારૂ વેચવા આપતો હોવાની કબુલાત કરી હતી. ટીમે તેમની પાસેથી કુલ 1.91 લાખના મુદ્દામાલ જપ્ત કરી ટીમે તેમની સામે પાલેજ પોલીસ મથકે ગુનો નોંધ્યો છે.


**સ્ટાફ જોઈએ છે.**
- ફલોર સુપરવાઈઝર
- રીસેપ્સનીસ્ટ (Male/Female)
- વેઈટર્સ રૂમ સર્વિસ તથા ઝાડુપોતા માટે

ભરૂચ શહેરના લોકલ વ્યક્તિએ સંપર્ક કરવો
વય મર્યાદા ૧૮ થી ૪૫ વર્ષ
હોટલ ક્લાસીક રીજન્સી

**DATE: 18/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# ભરૂચમાં પોલીસ જવાનોને 300 હેલમેટનું વિતરણ કરવામાં આવ્યું



ભરૂચ : ભરૂચ જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી ભરૂચ તથા ટીઆરબી તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના સંયુક્ત ઉપક્રમે ૩૩ માં રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં આરએસપીએલ લુથરા ગ્રૂપ દ્વારા પોલીસ વિભાગને 300 જેટલી હેલ્મેટનું જિલ્લા ટ્રાફિક વિભાગના પીઆઈ એસ.કે.ગામીત અને પીએસઆઈ જે.પી. ચૌહાણની હાજરીમાં સપ્તાહના સમાપનના દિવસે બિટીઈટીના જવાનો અને પોલીસ જવાનોને વિતરણ કરાયું હતું.

**DATE: 18/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઇન્દોર ગામના બે બૂટલેગરો વોન્ટેડ જાહેર

# પાણેથામાં ખેતરમાં સંતાડેલાં દારૂના 684 પાઉચ ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયાના પાણેથા નજીક ખેતરમાંથી જિલ્લા એલસીબીએ દરોડો પાડી ખેતરમાં સંતાડેલાં વિદેશી દારૂના 684 પાઉચ ઝડપી પાડયાં છે.

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસ મથકની હદમાં આવેલ પાણેથા નજીકથી જિલ્લા લોકલ બ્રાન્ચની ટીમે ખુલ્લા ખેતરમાંથી વિદેશી દારુ ઝડપી લીધો હતો. એલસીબી પીઆઇ ઉત્સવ બારોટની સુચના અને માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એમ.એમ.રાઠોડ ટીમ સાથે ઉમલ્લા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે તે દરમિયાન બાતમી મળી હતીકે પાણેથા થી ઈન્દોર જવાના માર્ગ પર એક ખેતરમાં વિદેશી દારુનો જથ્થો રાખેલ છે. બાતમી મુજબના સ્થળે છાપો મારતા ઘટના સ્થળેથી વિદેશી દારુના રૂ.૮૬૪૦૦ ની કિંમતના પાઉચ નંગ684 મળી આવ્યા હતા. પોલીસે વિદેશી દારુનો આ જથ્થો કબજે લઈને આ ગુના હેઠળ ઈન્દોર ગામના રહેવાસી રસિક પાટણવાડીયા અને પંથ પટેલ ને વોન્ટેડ જાહેર કરીને ઉમલ્લા પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો.

ઝઘડિયા, વાલિયા અને નેત્રંગ તાલુકામાં શેરડીનું વાવેતર વધારે કરવામાં આવે છે જેના કારણે શેરડીના ખેતરો દારૂનો જથ્થો સંતાડવા માટે બુટલેગરો માટે ઉત્તમ સ્થળ ગણાય છે. પોલીસને બાતમી મળે ત્યારે આવો દારૂનો જથ્થો ઝડપાતો હોય છે. ઈન્દોર ગામના બુટલેગરોએ પણ ખેતરમાં દારૂનો જથ્થો સંતાડયો હતો પણ બચી શક્યાં ન હતાં અને પોલીસે દારૂ ઝડપી પાડયો છે.

**DATE: 19/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંધારકાછલા ગામેથી દારૂની ખેપ મારતો બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયાના વાલિયા ત્રણ રસ્તા નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબની એક્ટિવા ગાડી લઈને એક ઈસમ આવતા તેને રોકીને તેનું નામ પુછતા તે ઈસમ અંધારકાછલા ગામનો યોહાન વસાવા હોવાની જાણ થઈ હતી. પોલીસે તપાસ કરતા એક્ટિવા ગાડીની ડીકીમાંથી દારૂની કુલ 5 બોટલો મળી આવી હતી. પોલીસે આ વિદેશી દારૂની બોટલો તેમજ એક મોબાઈલ જેની કિંમત રૂ.50 મળીને કુલ રૂ.3000 નો મુદ્દામાલ કબજે લીધો હતો. જ્યારે આ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ એક્ટિવા ગાડીનો મુદ્દામાલમાં સમાવેશ કેમ ના કરાયો તેની ચર્ચા ચાલી રહી છે.

**DATE: 19/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંદાડાની કૃષ્ણ નગર -2 માં 8 જૂગારી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

કૃષ્ણ નગર -2 માં પોલીસ ની ટીમે દરોડા પડતા સોસાયટી માં ખુલ્લી જગ્યામાં ઝાડનીચે જુગાર રમતા 8 ખેલી ને રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને દાવ પર લાગેલા અને અંગ ઝડતી માંથી રૂપિયા 10 હજાર રોકડા તેમજ જુગાર રમવાના સાધનો જપ્ત કર્યા હતા. પોલીસે સ્થળ પરથી નિલેશ ચૌહાણ, સંજય વસાવા, નિલેશ વસાવા, જનક વસાવા, દીપચંદ્ર ઉર્ફે ગુડ્ડુ ચૌહાણ, ઋત્વિક પરમાર, વિજય વસાવા અને સતીશ વસાવાની ધરપકડ કરી હતી અને તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસની ટીમને જુગાર અંગે માહિતી મળતાં તેમણે દરોડો પાડયો હતો અને તેમાં જુગારીયાઓ ઝડપાયાં હતાં.

**DATE: 19/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ચટકા-ટકાનો જૂગાર રમાડતો શખ્સ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસરની નાયબ પોલીસ અધિક્ષક કચેરીમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ મહેશ બાબુલાલને ટીમ સાથે કાવી બસ સ્ટેન્ડ પાસે પેટ્રોલિંગમાં હતાં. તે વેળાં કાવી ગામે બાગ ફળિયામાં એક શખ્સ આંકડાનો જુગાર રમાડે છે. જેથી ટીમે સ્થળ પર દરોડો પાડતાં સિરાજ અબ્બાસ પઠાણ (રહે. મોટા મદ્રેશા, કાવી) નામનો શખ્સ ચટકા-મટકાના આંકડા લખતો હોવાનું માલુમ પડતાં ટીમે તેની પાસેથી કુલ 8 હજારનો મુદામાલ જપ્ત કરી તેની સામે જંબુસર તાલુકાના કાવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસની કાર્યવાહીને પગલે જુગારીયાઓમાં દોડધામ મચી જવા પામી હતી.

**DATE: 19/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# પાનોલીની ટેસ્લા કેમિકલ્સ કંપનીમાં ચોરીનો ભેદ ઉકેલાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી ઔદ્યોગિક વસાહત માં આવેલ ટેસ્લા કેમીકલ્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં એસ.એસ. 316 બે ઈંચ અને 6 મીટર ના 4 પાઈપની ચોરી થઇ જવા પામી હતી. પાનોલી પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરુ કરી હતી. પોલીસની ટીમેસંજાલીના તળાવ ફળીયા રહેતા માથુર રયજી પરમાર ની ધરપકડ કરી હતી અને તેની સાથે અન્ય 2 ઈસમ કોણ હતા અને ચોરી ના પાઈપ ક્યાં છે તે અંગે ની વધુ પૂછપરછ માટે રિમાન્ડની તજવીજ શરુ કરી હતી.

**DATE: 20/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### બે ખેલી ઝબ્બે જ્યારે બે મહિલા વોન્ટેડ

# અંકલેશ્વરમાં સટ્ટા બેટિંગના અડ્ડા પર ક્રાઇમ બ્રાંચના દરોડા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના નવીનગરી વિસ્તારમાં એક મહિલા બહારથી માણસો બોલાવી સત્તા બેટિંગ રમાડતી હોય એલસીબી પોલીસે માહિતીના આધારે બે ઈસમને ઝડપી પાડીને બે મહિલાઓને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન માહિતી મળી હતી કે, અંકલેશ્વરની નવીનગરી વિસ્તારમાં એક મહિલા નામે ભારતી વસાવા પોતાના ઘરે માણસો બોલાવી સટ્ટા બેટિંગ આંકડા લખી લખાવી જુગાર રમાડતો હોવાની માહિતી મળી હતી.જેના આધારે પોલીસે પંચોની હાજરીમાં સ્થળ પર રેઈડ કરી હતી. જેમાં બે ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી જયેશ અંબાલાલ પટેલ અને જયેશ જગુ વસાવાને સટ્ટાના સાહીત્ય સાથે પકડી પાડ્યા હતાં. જ્યારે પોલીસને જોઈને ભાગી ગયેલા ભારતી વસાવા અને મેલકી વસાવાને વોન્ટેડ જાહેર કરીને તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.પોલીસે સ્થળ પરથી આરોપીની અંગજડતી માંથી મળેલા રૂ.3 હજાર અને બે મોબાઈલ મળીને કુલ 5,550 નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એલસીબીની ટીમે પાડેલા દરોડાના પગલે અંકલેશ્વરની સ્થાનિક પોલીસના પગ નીચેથી ધરતી સરકી ગઈ છે અને ફરાર થઈ ગયેલી બંને મહિલા આરોપીઓને ઝડપી પાડવાની કવાયત શરૂ કરી દેવાય છે.

**DATE: 20/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 3 ટ્રક ડ્રાઇવરો પાસે તો ડ્રાઇવિંગ લાઇસન્સ પણ ન હતાં

# ઉમલ્લા પોલીસે રેતી ભરેલી ચાર જેટલી ટ્રકો ઝડપી પાડી

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના ભાલોદ પંથકમાંથી તેમજ પાણેથા પંથકમાંથી રેતી ભરીને આવતા વાહનો પૈકી ઘણા વાહનો પુરઝડપે ચાલતા હોઇ છાસવારે અકસ્માતો થતા હોવાની ઘટનાઓ બનવા પામે છે. દરમિયાન ઉમલ્લા પોલીસ દ્વારા પાણેથા તરફથી આવતા રેતીવાહક પૈકી પુરઝડપે દોડતા ચાર વાહનો વિરુદ્ધ કાર્યવાહી કરી હતી.

ઉમલ્લા પોલીસે પુરઝડપે વાહનો હંકારીને આવતા ચાર ટ્રક ચાલકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. ઉમલ્લા પોલીસ દ્વારા આ ચાર ટ્રક ચાલકો મનોજ મહેન્દ્ર વસાવા,નવજી જેઠા વસાવા, અનિલ ઉર્ફે અન્નો પટેલ તેમજ મનસુખ મેઘજી જાદવ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

ખનીજ સંપત્તિ ધરાવતા માફિઆઓ દ્વારા ખનીજ ખનન કરાતું હોવાની લોકચર્ચાઓ ઉઠવા પામી છે. રેતી ભરીને આવતા વાહનોની તપાસ હાથ ધરાય તો રોયલ્ટી ચોરી , ઓવરલોડ જથ્થાનુ વહન, ડ્રાઈવિંગ લાઈસન્સ વિના હંકારાતા વાહન જેવી ગેરરીતિઓ બહાર આવવા સંભાવના રહેલી છે.

## રાજપારડી વિસ્તારમાં પુરઝડપે જતી ટ્રકોથી અકસ્માતના બનાવો વધ્યાં

ઝઘડિયા તાલુકાના ભાલોદ તરફથી રેતી ભરીને આવતા વાહનો રાજપારડી પોલીસ સ્ટેશનને અડીને પસાર થાય છે. રોજના સેંકડો વાહનો આ સ્થળેથી પસાર થાય છે, ત્યારે આમાં કેટલા વાહનો જરુરી નિયમો જાળવીને પસાર થાય છે તેની તપાસ પણ જરુરી બની છે. તાલુકામાંથી પસાર થતાં ધોરીમાર્ગ સહિત અન્ય ગ્રામીણ માર્ગો પર છાસવારે થતાં અકસ્માતો અટકાવવા પોલીસે નિયમોનો ભંગ કરીને દોડતા વાહનો પ્રત્યે લાલ આંખ કરવીજ પડશે. ખનીજ વહન કરતા વાહનો બાબતે રોયલ્ટી તેમજ ઓવરલોડ જથ્થો ભરીને જવું જેવી બાબતો પણ તાકીદે તપાસ માંગી રહી છે.

**DATE: 20/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# આર્મ્સ એક્ટનો વોન્ટેડ આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે 2021 માં આર્મ્સ એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં રામ અવતારઉર્ફે રામ કુમાર સ્વામી નામનો રાજસ્થાની ઈસમ વોન્ટેડ હતો.જે સંજાલી ગામ ખાતે હોવાની ચોક્કસ માહિતી પાનોલી પોલીસને મળતા પાનોલી પોલીસ મથકના પી.એસ.આઈ એમ.એચ. વાઢેર ના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમેસંજાલી ગામ ખાતે ના તળાવ ફળીયા માં સર્ચ કરતા આરોપી તેના ઘરમાંથીજ આબાદ ઝડપાઈજવા પામ્યો હતો. આરોપીને તાલુકા પોલીસ ના હવાલે કર્યો કરવામાં આવ્યો છે. તાલુકા પોલીસે આરોપીનો કબજો મેળવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ આરોપીની પૂછપરછ પણ કરવામાં આવી રહી છે.

DATE: 21/01/2023 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE–07

# અંકલેશ્વરમાં જુગાર રમતાં બે મહિલા સહિત આઠ ઝડપાયાં, એક વોન્ટેડ

**33 હજાર** રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો



ભરૂચ: અંકલેશ્વર બી-ડિવિઝને અંદાડા ખાતેથી 8 જુગારી પકડાયા બાદ અંકલેશ્વરમાંથી વધુ એક જુગાર ઝડપાયો હતો. ભરૂચ એલસીબી પોલીસે બાતમીના આધારે અંકલેશ્વર શહેરના જીન ફળિયામાંથી સટ્ટા બેટિંગના આંક-ફરકના આંકડાઓ લખી પૈસા વડે હાર-જીતનો જુગાર રમી રમાડતા 2 મહિલા સહિત 8 ઈસમને ઝડપી પાડી ફરાર અન્ય એક ઈસમને વોન્ટેડ જાહેર કર્યો છે.

ભરૂચ એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, અંકલેશ્વર શહેરના જીન ફળિયામાં રહેતી મહિલા અને મળતિયાઓ થકી પોતે કેટલા ઈસમોને ભેગા કરી તેના ઘર પાસે સત્તા બેટિંગના આંકડા લખી પૈસા વડે હાર-જીતનો જુગાર રમી રમાડે છે. એલસીબીની ટીમે મળેલ બાતમીના સ્થળે જઈને છાપો મારી સ્થળ પરથી જુગાર રમી રમાડતી બે મહિલા સહિત કુલ આઠ ઈસમને રોકડ રકમ સહિત કુલ રૂ.૩૩,૪૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

એલસીબીની ટીમે ઘટના સ્થળ પરથી (૧) મનસુખ છીતા પ્રજાપતિ (રહે.,માઈની ઉડાઈ, બળેલીખો, ભરૂચ), (૨) નાગજી નાથા મકવાણા (રહે., હાલ સુપર માર્કેટ અરુણભાઈના મકાનમાં, ભડકોદ્રા, અંકલેશ્વર), (૩) દીપક મહેન્દ્ર ચાવડા (રહે.,જૂના બજાર-કરજણ), (૪) શબ્બીર ફકરુદ્દિન શેખ (રહે., નવા બજાર, કરજણ), (૫) શિવ નનકુ પાલ (રહે.,ગડખોલ, તા.અંકલેશ્વર), (૬) સંજય બાબુ વસાવા (રહે., જીન ફળિયું, અંકલેશ્વર), (૭) રાધાબેન વિક્રમજી ઠાકોર (રહે., નવી નગરી, અંકલેશ્વર) તેમજ (૮) જયાબેન પ્રવીણ વસાવા (રહે., જીન ફળિયા, અંકલેશ્વર)ને ઝડપી લઈને અન્ય એક ઈસમ વિશાલ ઠાકોર વસાવા (રહે.,નવા દીવા, અંકલેશ્વર)ને વોન્ટેડ જાહેર કરી આ ગુના હેઠળ ઘટના સ્થળ પરથી મુદ્દામાલ સાથે પકડાયેલા આરોપીઓને વધુ તપાસ માટે અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યા હતા. પોલીસે આઠેય લોકોની અંગજડતીમાંથી મોબાઈલ ફોન તેમજ રોકડા મળી ૩૩,૪૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ઈસમને ઝડપી પાડવા માટેનાં ચક્રો ગતિમાન કર્યાં છે. ત્યારે હાલ તો અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસમથકમાં જુગાર ધારાની કલમો હેઠળ 8 લોકો વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

**DATE: 21/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વરમાં 2 અલગ અલગ સ્થળેથી પિકઅપ ગાડીમાં લવાતો દારૂ ઝડપાયો



ભરૂચ: અંકલેશ્વર-વાલિયા રોડ ઉપર જય પ્રભુ ફાર્મ હાઉસ સામે પોલીસે ડી.જી.જનરેટરની આડમાં લવાતો દારૂ ભરેલી પિકઅપ મળી કુલ 8.94 લાખથી વધુના મુદ્દામાલ સાથે ચાલકને ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, વાલિયા તરફથી મહિન્દ્રા પિકઅપ નં.(એમ.એચ.48 સી.બી.4539) માં ડી.જી. જનરેટરની આડમાં લવાતો વિદેશી દારૂનો જથ્થો લઇ ચાલક અંકલેશ્વરની વાલિયા ચોકડી આવી રહ્યો છે. આથી પોલીસે જય પ્રભુ ફાર્મ હાઉસ સામે સીએનજી પંપ પાસે વોચ ગોઠવી હતી. ત્યારે ગાડી આવતાં અટકાવી તપાસ કરતાં વિદેશી દારૂની 5192 નંગ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.6.91 લાખનો દારૂ અને ફોન, 2 લાખની ગાડી મળી કુલ 8.94 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. મુંબઈના વરલીનાકા સ્થિત આનંદનગરમાં રહેતા નીતેશ મુદલિયારને ઝડપી પાડ્યો હતો. જ્યારે વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર બુટલેગરને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 21/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### બે સ્થળોએ પોલીસના બુટલેગરો પર દરોડા

# અંકલેશ્વરમાં ટ્રાવેલ્સની ઓફિસમાંથી દારૂ મળ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના ગડખોલ પાટિયા મેઘના એમ્પાયરમાં આઈલ સાંઈ શ્રધ્ધા ટ્રાવેલ્સની ઓફીસ માંથીદારૂ ના 90 પાઉચ ઝડપી પાડ્યા હતાં જ્યારે ભાંગવાડખાતે મહિલા બુટલેગરઘર માટી 15 બોટલ દારૂ ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ ની ટીમ દ્વારા ચોક્કસ માહિતી મળી હતી કે ગડખોલ પાટિયા ખાતે આવેલ ટ્રાવેલ્સ ની ઓફીસમાં દારૂ સંતાડ્યો છે. જે આધારે પોલીસે મેઘના એમ્પાયરમાં આવેલ સાંઈ શ્રધ્ધાટ્રાવેલ્સ ની ઓફીસમાં દરોડા પાડ્યા હતા જ્યાં દારૂ ના 180 એમ.એલ ના 90 પાઉચ પોલીસ સર્ચ દરમિયાન ઝડપી પાડ્યા હતા અને ટ્રાવેલ્સ સંચાલક કેશવલાલ રાજગોર ની ધરપકડ કરી હતી જ્યારે દારૂ પહોંચાડનાર નવા તરીયાના કૈલાશ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે કુલ 9000 રૂપિયા નોદારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો. આ ઉપરાંત અંકલેશ્વર શહેર પોલીસે માહિતી આધારે ભાંગ વાડ ખાતે મહિલા બુટલેગર લક્ષ્મી વસાવા ને ત્યાં દરોડા પાડ્યા હતા અને ઘરમાંથી દારૂ ની 15 બોટલ મળી કુલ 1500 રૂપિયા નોદારૂ નો જથ્થો જપ્ત કર્યો હતો.

ભરૂચ શહેર તથા જિલ્લામાંથી દેશી તથા વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવી રહયો છે. બુટલેગરો સામે પોલીસ કડક હાથે કાર્યવાહી કરી રહી છે અને અનેક સ્થળોએથી દારૂ ઝડપી પ્રોહિબિશનના કેસો કરવામાં આવી રહયાં છે.

**DATE: 21/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ચોરખાનું બનાવી બોટલો છુપાવવામાં આવી હતી

# અંકલેશ્વરમાં પીકઅપ વાનમાંથી રૂ.1.31 લાખનો દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પાસેના નેશનલ હાઈવે પર આમલાખાડી પાસે થી બી ડીવીઝન પોલીસે બોલેરો પીકઅપ ગાડી માં બનાવેલ ચોરખાના માંથી 1.31 લાખના ઈંગ્લીશદારૂના જથ્થા સાથે પીકઅપ ચાલકને ઝડપી પાડી બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા. પીકઅપ ગાડી મળી કુલ રૂપિયા 6.36 લાખ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વર બી ડીવીઝન પોલીસ મથક ના સ્ટાફ ને પેટ્રોલીંગ દરમ્યાન સુરત તરફથી દારૂનો જથ્થો ભરેલ એક પીકઅપ ગાડી ભરૂચ તરફ જઈ રહી હોવાની માહિતી મળતા પોલીસે નેશનલ હાઈવે નંબર 48 પર આમલાખાડી પાસે વોચ ગોઠવી હતી .દરમિયાન બોલેરો પીકઅપ આવતા તેને રોકી તપાસ કરતા પાછળ ના ભાગે ઝીણવટ ભરી તપાસ કરતા ચોરખાનું મળી હતું , ચોરખાના માં તપાસ કરતા તેમાંથી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો ,પોલીસે રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લા ના પીકઅપ ચાલક શંભુલાલ વેણી રામજી જાટ ની ધરપકડ કરી રૂપિયા 1.31 લાખની કિંમતનો દારૂનો જથ્થો અને 5 લાખ ની બોલેરો પીકઅપ અને મોબાઈલ મળી કુલ રૂપિયા 6.36 લાખનો મુદ્દામાલ કબ્જે કરી પીકઅપ ચાલક શંભુલાલ ની સઘન પૂછપરછ કરતા ઈંગ્લીશ દારૂનો જથ્થો સેલવાસ ખાતે થી ભરીને લાવ્યો હોવાનું જણાવ્યું હતું પોલીસે સેલવાસ ના પીકઅપ માલિક અશોક તેમજ દારૂ નો જથ્થો મંગાવનાર શખ્સ ને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અંકલેશ્વર શહેરમાંથી એક જ દિવસમાં દારૂના બે અજીબ કિસ્સા સામે આવ્યાં હતાં. એક તરફ જનરેટર સેટમાં બોટલો છુપાવવામાં આવી હતી તો બીજી તરફ જીપના ચોરખાનામાંથી બોટલો મળી હતી.

**DATE: 22/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–05**

# જોકલા ગામનો કુખ્યાત બુટલેગર સુરેશ ઉર્ફે સુર્યો આખરે ઝડપાયો

ભરૂચ: વાલીયા પોલીસે અલગ અલગ ત્રણ ગુનામાં નાસ્તો ફરતો જોકલા ગામનો કુખ્યાત બુટલેગર સુરેશ ઉર્ફે સુર્યો વસાવાને ઝડપી પાડયો હતો.

વાલિયા તાલુકાના જોકલા ગામના ઝરા ફળિયામાં રહેતો બુટલેગર સુરેશ ઉર્ફે સૂર્યો રામુ વસાવા પોતાના ઘરે વિદેશી દારૂનું વેચાણ કરી રહ્યા છે. જેવી બાતમીના આધારે વાલિયા પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની ૧૨ નંગ બોટલ મળી ૧૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગરને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની વધુ પૂછપરછ કરતા તે નેત્રંગ પોલીસ સ્ટેશનના બે પ્રોહીબિશનના ગુનામાં અને રાજપીપળા પોલીસ સ્ટેશનના ગુનામાં સંડોવાયેલો હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 22/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### દારૂ, મોપેડ-ટેમ્પો મળી 2.13 લાખનો મુદ્દામાલ જપ્ત

# ભરૂચમાં વિદેશીદારૂના જથ્થા સાથે 3 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એ ડિવિઝન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, જંબુસર બાયપાસથી શ્રવણ ચોકડી તરફ એક થ્રી વ્હિલ ટેમ્પોમાં વિદેશીદારૂ હેરાફેરી થવાની છે. જેનું એક મોપેડ પર શખ્સ પાયલોટિંગ કરે છે. જેના પગલે ટીમે શેરપુરા ચોકડીએ વોચ ગોઠવી હતી.

દરમિયાનમાં ચોક્કસ વાહનો આવતાં ટીમે બન્ને વાહનોને રોકી પુછપરછ કરતાં ટેમ્પો ચાલકનું નામ આમીર મિયા ઈકબાલ મિયા શેખ (રહે. હેઠાણા વિસ્તાર) તેમજ તેને પાયલોટીંગ કરનાર મોપેડ ચાલકનું નામ મહોંમદ ઈરફાન ઈસ્માઈલ ખારવા (રહે. મુસ્લીમ ખારવાવાડ, વેજલપુર) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે ટેમ્પોમાંથી 45 હજારનો દારૂ જપ્ત કર્યો હતો. દારૂ અંગે પુછતાં તેમણે જણાવ્યું હતું કે, અમીરામીયાએ શેરપુરા પેટ્રોલપંપથી માલ ભરાવ્યો હોવાનું તેમજ તે માલ અંબિકાનગર ખાતે રહેતાં જિજ્ઞેશ ઉર્ફે સચિત છત્તરીવાલાનો હોવાનું જણાવ્યું હતું. તેઓ ફુરાજ રોડ પર આવેલી જિજ્ઞેશ ઉર્ફે સચિનના ફોટો સ્ટુડિયો ખાતે તે આપવા જઈ રહ્યાં હોવાનું કબુલ્યું હતું. જેના પગલે ટીમે તેની દુકાને દરોડો પાડી તપાસ કરતાં દુકાનમાંથી 18 હજાર ઉપરાંતનો વિદેશીદારૂનો જથ્થો મળી આવ્યો હતો.

**DATE: 22/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# વાઘપુરા ગામે દારૂ વેચતી મહિલા બુટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

એલસીબીની ટીમને ઝઘડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે સ.વાઘપુરા ગામે સ્ટેશન ફળિયામાં ઉર્મિલા વસાવા વિદેશી દારુનો જથ્થો લાવી વેચાણ કરે છે. એલસીબીની ટીમે બાતમી મુજબના સ્થળે જઇને તપાસ કરતા ઘરની બહાર મુકેલ પલંગ નીચેથી પાંચ ક્વાટરિયા મળી આવ્યાં હતાં. સદર બોટલો બાબતે પુછતા આ દારુનો જથ્થો કુંવરપરા ગામે રહેતો બાબુ વસાવા આપી ગયેલ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે બંને આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે કુંવરપરાના બુટલેગરને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરી દેવામાં આવ્યાં છે.પોલીસની કાર્યવાહીથી બુટલેગરોમાં ફફડાટ છે.

**DATE: 22/01/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### કેલોદ ગામના મેલડી માતાના મંદિર પાસેથી મૃતદેહ મળ્યો હતો

# ડ્રાઇવરની હત્યા કરી લાશ ફેંકી ભાગનાર સગીર ક્લિનર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના કેલોદ ગામ પાસે મેલડી માતાના મંદીર નજીક એક ડ્રાઈવરનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. તપાસ દરમિયાનમાં હત્યા કરીને ટ્રક લઈને ભાગેલાં સગીર ક્લિનરે પાદરાની મુવડ ચોકડી પાસે કેટલાંક વાહનોને અકસ્માત સર્જ્યો હતો. જોકે, જે તે સમયે માત્ર અકસ્માતને લઈ કોઈએ ફરિયાદ ન કરતાં તેને છોડી દેવાયો હતો. અરસામાં તે તેના વતને પહોંચી જતાં ભરૂચ તાલુકા પોલીસે તેને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે

ભરૂચ તાલુકામાં આવેલાં કેલોદ ગામે મેલડી માતાના મંદીર પાસે ગત 4 જાન્યુઆરીએ એક ડ્રાઈવરનો મૃતદેહ મળી આવ્યો હતો. તેના ખિસ્સામાંથી મળેલાં આધારકાર્ડ પરથી તેનું નામ મહંમદ રિયાઝ આલ્મીનપુરે આકાશન (રહે યુપી) હોવાનું તેમજ તે એક ટ્રકનો ડ્રાઈવર હોવાનું માલુમ પડ્યું હતું. વધુ તપાસમાં પોલીસને જાણ થઈ હતી કે, તેની સાથે ક્લિનર તરીકે એક 15 વર્ષનો સગીર ક્લિનર તરીકે કામ કરતો હતો. જેથી તેને શોધવા જતાં ચોંકાવનારી વિગતોનો ઘટસ્ફોટ થયો હતો. સગીરને મૃતક મહંમદ રિયાઝ નોકરીએથી કાઢી મુકવાનો કહેતો હોઈ તેને જ હત્યાને અંજામ આપી ત્યાંથી ટ્રક લઈને ભાગ્યો હતો. જે બાદ તે પાદરાની મુવડ ચોકડી પરથી પસાર થતો હતો. તે વેળાં એક પાર્કિંગ સ્ટેન્ડમાં મુકેલાં ચાર-પાંચ વાહનો અને એક રિક્ષાને ટક્કર મારી ભાગ્યો હતો.

જોકે, લોકોએ તેનો પિછો કરી તેને ઝડપી પાડ્યો હતો. જોકે, તે નાની ઉંમરનો હોઈ લોકોએ તેના વિરૂદ્ધ ફરિયાદ નહીં નોંધાવતાં તે દિલ્હી અને બાદમાં તેના વતન યુપી જતો રહ્યો હતો.